।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ક્રેશ કોર્ષ (૭ મી, ૮ મી)

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(30)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. ધન ધાન્નનું **યથા પરિમાણ, દુપદ ચઉપ્પદનું યથા પરિમાણ, કુવિયનું યથા પરિમાણ એ યથા પરિમાણ કીધું છે તે** ઉપરાંત

૨. અટ્ઠારસવિહે **અબંભે એગૂણવીસાએ નાયજ્ઝયણેહિં વીસાએ અસમાહિ ઠાણેહિં ઈક્કવીસાએ** ........ સબલેહિં

૩. ખામેમિ **ખમાસમણો દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ** પડિક્કમામિ

૪. પસીયંતુ **કિત્તિય વંદિય મહિયા જે એ લોગસ્સ ઉત્તમા** સિદ્ધા

૫. જિનમાર્ગથી વિપરીત **પ્રરૂપે તે મિથ્યાત્વ અવિનય મિથ્યાત્વ અકિરિયા મિથ્યાત્વ અજ્ઞાન મિથ્યાત્વ** ........ આશાતના

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. જાણીપ્રીછી **જાણીને, ઓળખ્યા છતાં ય** **પહેલા વ્રતમાં**

૨. ખેલેસુ વા **કફમાં ઉપજે તે** **૧૪ સ્થાનના સંમૂ. મનુષ્ય**

૩. અકરણયાએ **નહિ કરવા વડે** **પ્રતિક્રમણના બીજા પાઠમાં**

૪. અનંગકીડા **સ્વાભાવિક અંગ સિવાય અનેરા અંગે કામક્રીડા કરી હોય** **ચોથા વ્રતમાં**

૫. અવિરાહિઓ **વિરાધના રહિત, અખંડિત** **સામાયિકના ત્રીજા પાઠમાં**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો.** **(૫)**

૧. ઉપદ્રવ રહિત **સિવ** ૨. સેવા કરવી **સેવણા**

૩. ધૈર્યરૂપ **ધિજ્જં** ૪. ઉદ્યમવંત થયો છું. **અબ્ભુટ્ઠિઓમિ**

૫. ક્રિયાના સ્થાનો સંબંધી લાગેલા દોષોથી **કિરિયા ઠાણેહિં**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. ખામણા ક્યા આસને બેસીને કરાય છે? **બંને ઢીંચણ ઢાળીને કરાય.**

૨. ઉપાધ્યાય કોને કહે છે? **જે સાધુ પુરુષ સ્વયં પોતે ૩૨ આગમને ભણે-ભણાવે, ૨૫ ગુણોથી યુક્ત હોય.**

૩. તીર્થંકરનો જન્મ ક્યા કુળમાં થાય છે? **ઉચ્ચકુળમાં, ક્ષત્રિયકુળમાં.**

૪. યોનિ ક્યા જીવોની હોય છે? **પર્યાપ્તા બાદર જીવોની.**

૫. ૮૨ બોલનું પ્રતિક્રમણ છે તે ૮૨ બોલ ક્યા?

**૨૫ મિથ્યાત્વ, ૧૨ અવ્રત, ૫ પ્રમાદ, ૨૫ કષાય, ૧૫ અશુભ યોગ.**

૬. ઘાતી કર્મના ક્ષય થવા પર ક્યા ગુણ પ્રગટ થાય છે? **કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા, અનંત શક્તિ.**

૭. ત્રીજું શ્રમણસૂત્ર શેના વિષેનું છે? **સ્વાધ્યાય અને પ્રતિલેખનાના દોષોથી નિવૃત્ત થવા વિશે છે.**

૮. ચલાસન દોષ એટલે શું? **ચલાયમાન આસને બેસવું.**

૯. સંથારા સહિતનું પંડિત મરણ કોને આવે?

**જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપની ઉત્તમ આરાધના કરનાર સાધુ કે શ્રાવકને આવે.**

૧૦. વિકથા એટલે શું? **આત્માનું અહિત કરવાવાળી કથા.**

**(૫૦)**

**પ્ર.૨ તત્ત્વ/સંસ્કાર વિભાગના આધારે**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. મન વિનાના ઘોડાની સ્થિતિ કેટલી? **જઘ. અંત. ઉત ૮૪000 વર્ષ.**

૨. સૂત્ર રુચિ સમજાવો. **જે જીવ આચારાંગ આદિ આગમ શાસ્ત્રો વાંચીને સમકિતને પ્રાપ્ત કરે છે.**

૩. છટ્ઠી નરકની આગતિ લખો. **૧૫ કર્મભૂમિના મનુષ્ય+૧ જળચર એ ૧૬ ના પર્યાપ્તા.**

૪. પાંચમી-છટ્ઠી પ્રભાવનાના નામ લખો. **૫) તપ પ્રભાવના ૬) વિદ્યા પ્રભાવના.**

૫. મિહિકા એટલે શું? તેની અસજ્ઝાય લખો. **સફેદ ધુમ્મસ. જ્યાં સુધી રહે ત્યાં સુધી.**

૬. શ્રાવકની ગત લખો. **૪૨ તે ૧૨ દેવલોક+૯ લોકાંતિક એ ૨૧ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા.**

૭. નક્ષત્ર દેવીનો ચવણ દ્વાર લખો. **જઘ. ૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા ઉત. અસંખ્યાતા.**

૮. બળદેવ કોણ હોય છે?

**વાસુદેવ અને બળદેવ બંને સગા ભાઈઓ હોય છે. બંનેના પિતા એક અને માતા જુદી હોય છે.**

૯. કાર્મણ શરીર એટલે શું? **જેમાં આઠે કર્મના સ્કંધ સંગ્રહિત રહે છે.**

૧૦. મનુષ્યમાં કયા દંડકના જીવો ન આવે? **તેઉકાય, વાઉકાય**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૮)**

૧. ...... અને ...... વિમાનના દેવો ઉત્તર વૈક્રિયની શક્તિ હોવા છતાં કરતા નથી. **ગ્રૈવેયક, અનુત્તર વિમાન**

૨. આકાશમાં ...... નું ચમકવું તે ...... કહેવાય. **વીજળી, વિદ્યુત**

૩. આંખના ...... માં ...... સમય થઈ જાય છે. **પલકારા, અસંખ્ય**

૪. ૨૪ તીર્થંકરો અને ૯ બળદેવો એ ...... પદવીના ભવમાં નિયમા ...... હોય છે. **તેત્રીસ, સમકિતી**

૫. ...... એટલે જેનાથી સમકિતની સુરક્ષા થાય. તે ...... સૂત્રમાં છે. **જયણા, ઉપાસકદશાંગ**

૬. ...... થી ...... નરકનો નીકળેલો જીવ સાધુ થઈ શકે છે. **એક, પાંચ**

૭. સમકિતી જીવ ...... ...... થી વધુ સ્થિતિના કર્મ બાંધતો નથી. **અંતઃક્રોડાક્રોડી સાગર.**

૮. એક પલ્યમાં ...... ...... પસાર થઈ જાય છે. **અસંખ્ય વર્ષ**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૮)**

૧. ૭૭ સ્તોક=૧ મુહૂર્ત. **ખોટું. ૭૭ લવ=૧ મુહૂર્ત**

૨. ચારે ગતિના જીવોની અવગાહના આત્મ આંગુલથી દર્શાવાય છે.

**ખોટું. ચારે ગતિના જીવોની અવગાહના ઉત્સેધ આંગુલથી દર્શાવાય છે.**

૩. ઉલ્કાપાતની અસજ્ઝાય એક પ્રહરની છે. **સાચું.**

૫. નવ તત્ત્વ પર શ્રદ્ધા થવી તે બીજ રુચિ છે. **ખોટું. નવ તત્ત્વ પર શ્રદ્ધા થવી તે આજ્ઞા રુચિ છે**

૬. પ્રતિવાસુદેવના મૃત્યુ પછી વાસુદેવે પણ ત્રણ ખંડ જીતવા જવું પડે છે. **સાચું.**

૭. ૫૬ અંતરદ્વીપના જુગલિયા મરીને અસુરકુમાર બની શકે છે. **સાચું.**

૮. જસોધરેની આગત ૩૦ ભેદની છે. **ખોટું. જશોધરેની આગત ૧૫ભેદની છે.**

**(૪) જોડકા જોડો.** **(૮)**

| **(અ)** | **(બ)** | **જવાબ** |
|---|---|---|
| ૧. નાની લટ | ૧. વાસુદેવ | **૫. સંમૂ. મનુષ્ય** |
| ૨. નરક | ૨.ભગવતી સૂત્ર | **૧. વાસુદેવ** |

| | | |
|---|---|---|
| ૩. વિનય | ૩. શાશ્વતા | **૭. સ્વધર્મી** |
| ૪. ભૂષણ | ૪. સંવર | **૨. ભગવતી સૂત્ર** |
| ૫. કવળ | ૫. સંમૂ. મનુષ્ય | **૬. આહાર** |
| ૬. લવણસમુદ્ર | ૬. આહાર | **૩. શાશ્વતા** |
| ૭. પતન | ૭. સ્વધર્મી | **૮. અસજ્ઝાય** |
| ૮. ચારિત્રગુણ | ૮. અસજ્ઝાય | **૪. સંવર** |

**(૫) સંખ્યામાં લખો.** **(૮)**

૧. જયંતની ઉત. સ્થિતિ **૩૩ સાગર** ૨. ૨૪ દંડકના દ્વાર **૨૪**

૩. ૯૬ આંગુલમાં હાથ **૪** ૪. ૧૦૦ વર્ષમાં યુગ **૨૦** ૫. બગાને ઈન્દ્રિય **૪**

૬. કોડામાં દષ્ટિ **૨** ૭. ચક્રવર્તી પાસે કેટલા લાખ ઘોડા? **૮૪**

૮. ઈરવત ક્ષેત્રમાં ચક્રીનું જઘ. આયુ. વર્ષ **૭૦૦** ૯. વ્યવહાર વચનના દંડક **૧૯**

૧૦. એકાંત મિથ્યાત્વી દેવો **૧૮/૩૬** ૧૧. સમકિતના સ્થાન **૬**

૧૨. છેવટું સંઘયણમાં દંડક **૧૦** ૧૩. બે પગમાં વેંત **૧** ૧૪. કાળ સંબંધી અસજ્ઝાય **૧૨**

૧૫. જ્ઞાન ગુણમાં મુદ્દા **૧૧** ૧૬. એક પૂર્વમાં પૂર્વાંગ લાખમાં **૮૪**

**(૬) નીચેના શબ્દો સમજાવો.** **(૮)**

૧. દેવ–ગુરુની વૈયાવચ્ચ : **જેમ કોઇ અભણ પુરુષ વિદ્યાગુરુને પામીને હર્ષિત થઈને તેમની સેવા કરી આ લોકમાં સુખી થાય. તેમ સમ. જીવ સુદેવ, સુગુરુની હર્ષિત થઈ સેવા કરી આલોક પરલોક બંનેમાં સુખી થાય.**

૨. પ્રતિવાસુદેવનો પહેલો અને ચોથો મુદ્દો : **૧) પ્રતિવાસુદેવ ૩ ખંડના રાજા હોય છે. તેમને તેમના જ ચક્ર વડે મારે છે તે ૩ ખંડના રાજા વાસુદેવ બને છે. ૪) પ્રતિવાસુદેવના મૃત્યુ પછી વાસુદેવે ૩ ખંડ જીતવા જવું પડે છે.**

૩. મન:પર્યવજ્ઞાન : **મન:પર્યવજ્ઞાના. કર્મના ક્ષયો.થી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના મનના ભાવોને જાણનારું જ્ઞાન. દરેક તીર્થં. દીક્ષા લે તરત આ જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન માત્ર સાધુ–સાધ્વીને થાય છે.**

૪. અસજ્ઝાય : **અસ્વાધ્યાય. જે કાળમાં આગમ સૂત્રોના મૂળ પાઠનો સ્વાધ્યાય, ગાથા ગોખવી, વાંચવી કે પરિયટ્ટણા કરી શકાય નહિ. તે આગમના મૂળ પાઠને લાગુ પડે છે, અર્થને નહિ.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૫)**

૧. પ્રભુ મહાવીરના દેવાનંદા અને ત્રિશલા માતાની કુક્ષિમાં કેટલો સમય રહ્યા?

**૮૨૧/૨ રાત્રિ, સાડા છ મહિના.**

૨. અર્જુનમાળી કોનો ભક્ત હતો? **મુદ્‌ગરપાણિ યક્ષનો.**

૩. પ્રથમ ચાતુર્માસ પ્રભુએ ક્યાં કર્યું? ત્યાં તેઓએ શું કર્યું? **શૂલપાણિ યક્ષના મંદિરમાં, કાઉસ્સગ્ગ.**

૪. દર્દુર દેવ કોણ હતો? **નંદમણિયારનો જીવ જે સૌધર્મ દેવલોકમાં દર્દુરાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયો છે.**

૫. થાવચ્ચાપુત્રને દીક્ષા લેવાનું મન કેવી રીતે થયું? **અરિષ્ટનેમિ ભગવાનની વૈરાગ્યપ્રેરક વાણી સાંભળીને.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે? (૫)**

૧. આપ કોણ છો? **અર્જુનમાળી સુદર્શન શેઠને કહે છે.**

૨. દેવની સ્થિતિ ત્યાં ચાર પલ્યોપમની છે. **ભગવાન મહાવીર ગૌતમ સ્વામીને કહે છે.**

૩. હું તારો નિષ્ક્રમણ અભિષેક જોવા ઈચ્છું છું. **થાવચ્ચા ગાથાપત્ની થાવચ્ચાપુત્રને કહે છે.**

૪. મને ઉંઘ આવી જાય તો સંગીત બંધ કરી દેજો. **ત્રિપૃષ્ઠ વાસુદેવ ગાયકોને કહે છે.**

૫. શું તમારી પાસે સાચો ધર્મ નથી? **કપિલ મરિચીને કહે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. બુદ્ધ્યા **વિનાઽપિ વિબુધાર્ચિત પાદપીઠ ! સ્તોતું સમુદ્યત મતિર્વિગતત્રપોઽહમ્ ।**

**બાલં વિહાય જલ-સંસ્થિત મિન્દુબિમ્બ મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા** ગ્રહીતુમ્ ॥

૨. બુદ્ધ **સ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિ – બોધાત્, ત્વં શંકરોઽસિ ભુવનત્રય શંકરત્વાત્ !**

**ધાતાસિ ધીર ! શિવમાર્ગ – વિધેર્વિધાનાત્, વ્યક્તં ત્વમેવ ભગવન્ ! પુરુષોત્તમો** ઽસિ ॥

૩. ઉદ્‌ભૂત **ભીષણ જલોદર ભારભુગ્નાઃ, શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત જીવિતાશાઃ ।**

**ત્વત્પાદ પઙ્કજ રજોમૃત દિગ્ધ દેહા, મર્ત્યા ભવન્તિ મકરધ્વજ તુલ્ય** રૂપાઃ ॥

૪. . કિં **શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા? યુષ્મન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ !**

**નિષ્પન્ન શાલિવન શાલિનિ જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભાર** નમ્રૈઃ ॥

૫. નાસ્તં **કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ, સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।**

**નામ્ભોધરોદર નિરુદ્ધ મહાપ્રભાવઃ, સૂર્યાતિશાયિ મહિમાઽસિમુનીન્દ્ર !** લોકે ॥